અપીલ અરજી નં.૧૦૦ તા.૩૦–૫ –૧૧
ફોન નં. ૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી વિઠ્ઠલભાઈ એસ. પાનપાટીલ
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી વિઠ્ઠલભાઈ એસ. પાનપાટીલની તા.૩૦–૪–૧૧ ની અરજીથી (૧) દલિત વસાહત સેવા સંઘ ઝુંપડપટ્ટીમાં તા.૧૧–૪–૧૧ ના રોજ કુલ કેટલા ઝુંપડાઓનું ડીમોલેશન કર્યુ છે. એની માહિતિ (૨) ડીમોલેશન કરેલ કેટલા કુટુંબો કોસાડ ખાતે કયા બીલ્ડીંગમાં કયા બ્લોક નંબરમાં મકાન ફાળવેલ છે? એના નામોની યાદી, ટોટલ ડીમોલેશન કરેલા કેટલા લોકોને કયા કારણથી મકાન ફાળવેલ નથી? એના કારણ દર્શાવતી નામોની યાદીનું સંપુર્ણ વ્યવસ્થીત તૈયાર લીસ્ટ વિ.માહિતિ આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની અપીલ તા.૩૦–૫–૧૧ ની **SMC/FAP/** નં.૧૦૦/૨૦૧૧–૧૨

શ્રી વિઠ્ઠલભાઈ એસ. પાનપાટીલની તા.૩૦–૪–૧૧ ની અરજીથી (૧) દલિત વસાહત સેવા સંઘ ઝુંપડપટ્ટીમાં તા.૧૧–૪–૧૧ ના રોજ કુલ કેટલા ઝુંપડાઓનું ડીમોલીશન કર્યુ છે. એની માહિતિ (૨) ડીમોલેશન કરેલ કેટલા કુટુંબો કોસાડ ખાતે કયા બીલ્ડીંગમાં કયા બ્લોક નંબરમાં મકાન ફાળવેલ છે? એના નામોની યાદી, ટોટલ ડીમોલેશન કરેલા કેટલા લોકોને કયા કારણથી મકાન ફાળવેલ નથી? એના કારણ દર્શાવતી નામોની યાદીનું સંપુર્ણ વ્યવસ્થીત તૈયાર લીસ્ટ વિ.માહિતિ આપવા બાબતે એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતિ અધિકારી (વરાછા ઝોન) તરફથી માંગવામાં આવેલ માહિતી આપેલ ન હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૩૦–૫–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ , આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૩૧૫ તા.૮–૬–૧૧ થી એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન) ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૯૨ તા.૩૦–૪–૧૧ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારની મુળ અરજીની નકલ, બીપીએલ કાર્ડની નકલ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૯૨ તા.૨૦–૫–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા.૩૦–૪–૧૧ ની અરજીથી માહિતી માંગતી જાહેર માહિતી અધિકારી વરાછાઝોનને કરવામાં આવેલ. જે અંગે અરજદારેમાંગવામાં આવેલ માહિતી આપેલ ન હોવાનું જણાવી તા.૩૦–૫–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ સેલ/૯૨ તા.૨૦–૫–૧૧ થી અરજદારને માહિતી આપવામાં આવેલ છે. જેમાં અરજીના મુદ્દા નં. (૧) દલિત વસાહત સેવા સંઘ ઝુંપડપટ્ટીમાં તા.૧૧–૪–૧૧ ના રોજ કુલ કેટલા ઝુંપડાઓનું ડીમોલીશન કર્યુ છે. એની માહિતિ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સદર ઝુંપડપટ્ટીના વૈકલ્પિક આવાસ મેળવેલ જે ઈસમો ધ્વારા સ્વૈચ્છિક સ્થળાંતર કરવામાં આવેલ તે ઈસમોના અમલા વરાછાઝોન કક્ષાએથી તા.૧૧–૪–૧૧ ના રોજ દુર કરવામાં આવેલ છે. તેવું જણાવેલ છે. (૨) ડીમોલેશન કરેલ કેટલા કુટુંબો કોસાડ ખાતે કયા બીલ્ડીંગમાં કયા બ્લોક નંબરમાં મકાન ફાળવેલ છે? એના નામોની યાદી, ટોટલ ડીમોલેશન કરેલા કેટલા લોકોને કયા કારણથી મકાન ફાળવેલ નથી? એના કારણ દર્શાવતી નામોની યાદીનું સંપુર્ણ વ્યવસ્થીત તૈયાર લીસ્ટ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી આ મુદ્દાનો સમાવેશ આરટીઆઈ એકટ હેઠળ માહિતીની વ્યાખ્યામાં થતો નથી. તેવું જણાવેલ છે. (૩) ડીમોલીશન કરી ખાલી કરેલ જગ્યા કેટલા ચોરસ ફુટ છે અને ખાલી કરેલ જગ્યા કયા કામ અંગે ઉપયોગમાં લેવાના છો? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સદર જગ્યા આશરે ૨૯,૭૦૦ ચો.ફુટ છે. સદર જગ્યા જાહેર હેતુ માટે ઉપયોગમાં લેવામાં આવશે તેવું જણાવેલ. આમ જાહેર માહિતી અધિકારી તરફથી માહિતી પૂરી પડાયેલ છે. જેનું વિશ્લેષણ કરતાં મુદ્દા નં.૧ માં જાહેર માહિતી અધિકારી કક્ષાએથી સંખ્યાની માહિતી આપેલ જણાતી નથી. મુદ્દા નં.૨ અંગે આરટીઆઈ એકટ હેઠળ માહિતીની વ્યાખ્યામાં સમાવેશ થતો નથી તેવું જણાવેલ છે. પરંતુ કલમ–૨(એફ) ની વ્યાખ્યા સાથે આપેલ પ્રત્યુત્તર સુસંગત નથી. મુદ્દા નં.૨ ની માહિતી કાયદાની કલમ–૪(૧) બી હેઠળ સ્વયં જાહેર કરવા યોગ્ય કક્ષાની જણાય છે. તદઉપરાંત અસરકર્તાને તેના વહીવટી અને અર્ધન્યાયિક નિર્ણયોની જાણ કરવાની જોગવાઈ હેઠળ ૪(૧)(ડી) હેઠળ પણ ગણાય. તેથી તે અંગેની દફતરી માહિતી આપવા જોગ થાય. મુદ્દા નં.૩ અંગે " જાહેર હેતુ " જણાવેલ છે જે ચોકકસ જાહેર હેતુ નકકી થયાનું દફતરે હોય તો તેની માહિતી આપવા જોગ થાય અન્યથા તેમ નથી તેવી હકીકત જણાવવી રહે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા. ૩૦–૦૪–૨૦૧૧ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી નહીં પૂરી પડાયેલ મુદ્દા નં.૧ ની સંખ્યાની , મુદ્દા નં.૨ સંપુર્ણ તથા મુદ્દા નં.૩ " કયા હેતુ " અંગેની દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૫) હેઠળ બીપીએલ અરજદારને વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭ માં પૂરી પાડવા એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન)ને જણાવવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૦૭–૨૦૧૧

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન) ...જાણ તથા અમલ માટે .
(૨) શ્રી વિઠ્ઠલભાઈ એસ. પાનપાટીલ,